

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પલ્ટી ખાઈ ગઈ છે ગાડી, હવે જેક કરી લ્યો!*
*પડી ગયો છે મૂઢ માર, હવે શેક કરી લ્યો!*
*થઈ ગયા છે પક્ષો ગરીબ, હવે પેક કરી લ્યો!*
*નાસી ગયા છે ઘોડા, તબેલા હવે ચેક કરી લ્યો!*
*(ડેમ તૂટ્યા પછીની સાવધાની)*

હાઈકુ

*રાફ્ટો નષ્ટ!*
*બંગાળની નાગણ -*
*લેશે બદલો!!*
*(સપથ લીધા)*

*બળતું ઘર,*
*ઉપાડી લ્યો રકમ!*
*હાથે તે સાથે!*
*(હવે ૮૫%માં સફેદ)*

### ચિંતન

**સર્પઃ ક્રુરઃ ખલઃ ક્રુરઃ સર્પત્ ક્રુરતરઃ ખલઃ ।**
**મન્ત્રેણ શામ્યતે સર્પો ન ખલઃ શામ્યતે કદા ॥**

સાપ ક્રુર છે, દુષ્ટજન ક્રુર છે, પરંતુ સાપ કરતાં દુષ્ટજન વધારે ક્રુર છે. સાપ તો મંત્રથી વશ થી શકે છે, જયારે દુષ્ટ ને કદી શાંત કરી શકતો નથી.

આ શ્લોકમાં સાપ અને દુષ્ટજનની સરખામણી છે. સાપને મદારી કે મંત્ર શક્તિથી વશ થઈ શકે છે.

પરંતુ દુષ્ટને અને તેના સ્વભાવને કોઈ સમજી કે સુધારી શકતું નથી. દુષ્ટ જન બોલે છે કંઈક, વિચારે છે કંઈક અને આચરે છે કંઈક... તેનું કોઈ નજીકનું સગું કે મિત્ર પણ નથી હોતું. સ્વાર્થ જ માત્ર એનો નજીકનો દોસ્ત-સગો હોય છે.

દુષ્ટને કોઈ સમજાવી - સુધારી - શાંત કરી શકતું નથી.

### સુવિચાર

- ના કદાપિ જ્ઞાનગંગા કહી શકું એ સ્થાનને, શારદાના નામથી જયાં હાટડી મંડાય છે - **મુકેશ જોશી**
- વિશ્વાસ એ પ્રેમનું પ્રથમ સોપાન છે અને વહેમ એ પ્રેમનો સૌથી બળવાન શત્રુ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- 'આંધળું અનુકરણ' એટલે આડકતરી 'બૌદ્ધિક ચોરી' છે - **જનકલ્યાણ**
- 'બુઝુર્ગી કા સંબંધ અકલ સે હૈ ન ઉમ્ર સે' - **ફારસી કહેવત**
- પ્રેમ લાગણી અને હુંફ પૈસાનો વિકલ્પ બની શકે પણ
  પ્રેમનો વિકલ્પ પૈસો બની શકતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુકરણ કરીને કયારેક કશું પામી શકાય નહીં, સિવાય કે બોદો સંતોષ - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : દારૂ હળદર અને હળદરનો ઉકાળો ૧ કપ પીવાથી પિષ્ટપ્રમેહમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સંસાર ત્યાગીને 'મહાત્મા' બનેલા મહાનુભાવો ભક્તો અને શ્રદ્ધાળુઓનાં નાણાંથી આશ્રમ બનાવે છે અને મોટાં મોટાં શહેરો - દેશ - વિદેશમાં શાખાઓ ખોલતા જ રહે છે.

એકવાર એવા એક સંત પાસે એક ખૂની - લૂટારો આવ્યો અને પશ્ચાતાપથી રડી - કબૂલાતો કરતો હતો અને પોતાને 'લૂંટ'ની આદતમાંથી છોડાવવા વિનંતી કરી.

સંત કહે તારી પાસે લૂંટનું કેટલું નાણું છે? લુંટારું કહે મારે બે-ત્રણ પેઢીને ચાલે એટલું તો છે જ.

સંત કહે - લૂંટ કરવાની આદત એ તારી મનની ભૂખ છે. પેટની ભૂખ નથી. સત્સંગ અને સ્વાધઅયાય વિના એ નહીં છૂટે - તું દિક્ષા લઈ 'શિષ્ય' થઈ જા! અને બધું મને સમર્પણ કરી દે!

લૂંટારો સમજી ગયો - કહ્યું - બાપુ! રહેવા માટે એક ઝૂંપડી - આશ્રમ જરુરી છે. તમારા તો ઠેરઠેર આશ્રમો છે તમે તો જ્ઞાની-સત્સંગી છો જ પહેલાં તમે તમારા મનની ભૂખનો ત્યાગ કરો!

મહાત્મા લૂંટારાની સલાહ સલાહ સાંભળી સીધા થઈ ગયા...!

# પાકિસ્તાનનો શિયાળછાપ ચહેરો

અમેરિકાના નવનિર્વાચિત રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પનો પાકિસ્તાન સહિતનાં કટ્ટરવાદી ઈસ્લામિક રાષ્ટ્રો તરફનો અભિગમ જાણીતો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન એમણે જરા પર સંકોચ રાખ્યા વગર આતંકવાદને પોષતા દેશ તરીકે પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી એટલું જ નહીં, એમણે અમેરિકાની પ્રસ્થાપિત વિદેશનીતીની આ મુદ્દે ભારે ટીકા કરી હતી. પાકિસ્તાન અમેરિકાની મદદ લઈનેએ નાણાંનો આતંકવાદી પ્રવૃત્તિઓને પોષવામાં જ ઉપયોગ કરતું રહ્યું હોઈ પોતે ચૂંટાઈ આવશે તો પાકિસ્તાનને સીધું કરી દેશે, ત્યાં સુધીની ખાતરી આપતાં ત્યાંનામા મૂળ ભારતીય નાગરિકોમાં તેઓ ઘણા લોકપ્રિય બની રહ્યા હતા. કટ્ટરવાદને પોષતા પાકિસ્તાન સહિતના ઈસ્લામિક દેશોના નાગરિકોની પ્રવેશબંધી સુધીની કડક રજૂઆતને સામે ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટનની ઉદારમત વાદી વિશેશનીતિમાં મીડિયા સહિત બધાએ વખાણ કર્યા, છતાં વિજય તો ટ્રમ્પનો જ થયો. પાકિસ્તાન માટે ટ્રમ્પનું રાજયારોહણ એ અમેરિકા સાથેના પરંપરાગત રાજદ્વારી સંબંધો ઉપરનું ગ્રહણ બની શકે છે. પાકિસ્તાન તો અત્યાર સુધી અમેરિકાનું બગલબચ્ચા તરીકે જ વર્તતું રહ્યું છે. પોતે દેવાળિયો દેશ છે અને કહેવાતા લોકતંત્ર પર લશ્કર તથા કુખ્યાત આઈએસઆઈ જાસૂસી તંત્રનો મજબૂત સકંજો છે, તે હવે કોઈથી અજાણ્યું રહ્યું નથી છતાં રીઢા અને મીંઢા રાજકારણી પાક વડાપ્રધાન નવાઝ શરીફે પ્રોટોકોલની રૂએ ટ્રમ્પને વિજય બદલ અભિનંદન આપતો ફોન કર્યો ત્યારે વિવેકપૂર્વક પ્રતિસાદ પાઠવનાર અમેરિકાના નવાનિર્વાચિત રાષ્ટ્રપતિ સાથેની અનૌપચારિક વાતચીત પ્રકાશિત કરીને પાકિસ્તાને એનું પ્રોત પ્રકાશી દીધું છે. દુશ્મન પણ અભિનંદન આપતો હોય ત્યારે તો સામે બે પ્રશસ્તિના શબ્દો કહેવા પડે. એ સહજ માનવીય અભિગમનો પણ આવો ગેરલાભ ઉઠાવનાર પાક વડાપ્રધાન તથા એમની સરકાર સામે અમેરિકા ન બગડે તો જ નવાઈ. ટ્રમ્પે પણ પાકિસ્તાનની આ અજબગજબની રાજનીતિ પ્રત્યે આક્રોશ વ્યક્ત કર્યો છે અને અધિકૃત પ્રવક્તાએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે સામાન્ય પ્રકારની અનૌપચારિક વાતચીતને પાકિસ્તાન

**તંત્રીસ્થાનેથી...**

બઢાવી-ચઢાવીને પોતાની પ્રશસ્તિના નિવેદન તરીકે રજૂ કરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કેટલોક સ્વવિવેક પણ જરુરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે સામે ચાલીને અભિનંદન આપનારા પાક વડાને બે સારા શબ્દો કહ્યા હોય કે પાક સાથેના પરંપરાગત સંબંધો વધુ દ્રઢીભૂત કરવાની ખાતરી આપી હોત, એમના પ્રશ્નોમાં મદદરુપ થવાનું કહ્યું હોય અને પાકિસ્તાનની મુલાકાતે આવવાનું નોતરું સ્વીકારી લીધું હોય એનો આવો ચાલાકીભર્યો અર્થ કરી પાકિસ્તાને પોતાના જ પગ પર કુહાડો માર્યો છે. એનો શિયાળછાપ ચહેરો અમેરિકાએ પારખી લીધો છે. એને અંગે વળતા જવાબરૂપે ચોખવટ કરી દઈને અમેરિકાએ પાકિસ્તાનને ઉઘાડું જ પાડ્યું છે બલકે ખસિયાણું પણ પાડ્યું છે. આગામી ચાર વર્ષના ટ્રમ્પ શાસન દરમિયાન પાકિસ્તાન અગાઉની જેમ અમેરિકાને ઉલ્લુ બનાવી શકે એમ નથી, એવો સ્પષ્ટ સંદેશ ટ્રમ્પના ખુલાસાથી પ્રાપ્ત થાય છે, જેની ભારત સહિત વિશ્વના તમામ દેશોએ નોંધ લીધી છે.

# ગાંધી એટલે ભિખારીઓના રાજા ને લૂંટારાઓના રાજકુમાર



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

દેશભરમાં અત્યારે 'નોટબંધી'ના અમલીકરણની પ્રક્રિયા ચાલી રહી છે. 'નોટબંધી'ના નિર્ણય અને અમલ પાછળ જો એક અને એક માત્ર મુદ્દો જ મહત્ત્વનો ગણીએ તો એ છે કાળાં નાણાંની રોકડને ડામી દેવી. ગાંધીએ પણ સ્વાતંત્ર્ય લડતમાં જરા જુદી રીતે નાણાંનો સંગ્રહ કરનાર માલેતુજારોથી માંડીને જન સામાન્યને જુદી રીતે તેમનું નાણું વપરાય એ માટે પ્રયત્ન કર્યા હતા.

**સ્વાતંત્ર્ય લડત સમયે ગાંધીની ઘરેણાબંધીની ઝુંબેશ**

એ સમયે પણ ગાંધીજીએ નોંધ્યું હતું કે હિંદમાં દિવસે દિવસ તવંગર વધુ ને વધુ તવંગર અને ગરીબો વધુ ને વધુ ગરીબ થતા જાય છે. તેમની નેમ ગામડાના જીવનને ફરીથી વ્યવસ્થિત કરી ગામડાના લોકોને રાહત આપવાની હતી કારણ કે ગાંધી સ્પષ્ટ હતા કે 'સાચું ભારત ગામડામાં વસે છે.'

બંદોપાધ્યાય બહેન દ્વારા ગાંધીજી ઉપર લખેલા અંગ્રેજી પુસ્તક 'બહુરુપી ગાંધી' નો મુ.શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ અનુવાદ કર્યો છે. ખાસ કરીને બાળકોને ગાંધીજીના જીવન કવનના પાઠ સમજાવવાનો વિચાર લઈને તૈયાર થયેલા આ પુસ્તકમાં એમ ઉલ્લેખ છે કે 'જો ગાંધીજી ભિખારીઓના રાજા હતા, તો લૂંટારાઓના રાજકુમાર પણ હતા!' જરૂરિયાતવાળાઓને મદદ કરવા માટે તેમણે ધનવાનોને લૂંટ્યા. લૂંટવા માટેના હથિયાર તરીકે તેમણે ઝળકતી મશાલ કે ચળકતી તલવાર કે કાગળે ચિતરાયેલ કાયદાઓને બદલે પ્રેમભર્યા આગ્રહને અને નૈતિક દબાણનો ઉપયોગ કર્યો. તેમણે ધનિકોને તેમની પાસે જે ધનનો સંગ્રહ છે તે છોડવાનું, વિદ્વાનોને તેમના જ્ઞાનને લોકોમાં પહોંચાડવાનું, મૂડીપતિઓને તેમનો નફો મજૂરો સાથે ન્યાયપૂર્ણ રીતે વહેંચવાનું, શાસકોને તેમની રૈયતના માનવ હકો મંજૂર રાખવાનું અને બીકણ અને આળસુ દેશવાસીઓને તેમની આળસ ખંખેરી નાંખવા સમજાવટ આદરી હતી.

નિશ્ચિત ધ્યેયને વરેલા આ મહાત્માના હૃદયપૂર્વકના અનુરોધની જાદુઈ અસર થઈ અને તેણે યુવાન અને વૃદ્ધ તથા સામાન્ય ગ્રામજનથી લઈને ચતુર વેપારીઓનાં હૃદય જીતી લીધા. હિંદના એક છેડેથી બીજા છેડે સુધી મુસાફરી કરીને લોકોને તેમનું ધન, તેમનું સર્વસ્થ રાષ્ટ્રની વેદી પર ધરી દેવા માટે તૈયાર કર્યા. લોકોએ તો દેશની સેવા માટે પોતાના બાળકો પણ ગાંધીને આપી દીધા હતા. ગરીબોએ તેમની પાસે જે કંઈ નાનીશી રકમ હતી તે તેમને આપી દીધી. પરદાનશીન સ્ત્રીઓએ પોતાના ઘરેણાં કાઢી આપ્યા હતા.

ગાંધીજીએ ગરીબ અને તવંગર વચ્ચે આવક તથા સામાજિક સગવડોમાં રહેલો ભેદભાવ દૂર કરવા માટે સતત પ્રયાસો કર્યા હતા. એક વખત એક સભામાં એક બહેને સોનાની બે બંગડીઓ હાત ઉપરથી ઉતારીને ગાંધીજીને ભેટ આપી હતી અને કહ્યું હતું, 'આજકાલ પતિદેવો તેમની પત્નીઓ માટે ઘણું થોડું બચવા દે છે. એટલે હું મારા અલ્પ ફાળા તરીકે મારાં ઘરેણામાંથી જે કંઈ બચ્યું છે તે હરિજનોની સેવા માટે અર્પણ કર્યું છું.' ગાંધીજીએ જવાબમાં કહ્યું, 'મારે કબૂલ કરવું જોઈએ કે હું દાકતરો, વકીલો અને વેપારીઓને ફકીર બનાવી દેવામાં નિમિત્તરૂપ બન્યો છું. તે માટે મને પસ્તાવો થતો નથી. જયાં લોકો રોજના એક પૈસાનું ધન મેળવવા માટે માઈલોનું અંતર પગે ચાલીને કાપતા હોય તેવા હિંદ જેવા ગરીબ દેશમાં કોઈ પણ માણસ કોઈ પણ જાતનું ઘરેણું પહેરે એ જરૂરી નથી.'

ગાંધીજીએ તો કેટલાક કિસ્સાઓમાં જુવાન સ્ત્રીઓના હાથની બંગડી બહાર નીકળતી ન હતી ત્યારે બંગડી કાપીને દાનમાં લીધી હતી. સ્ત્રીઓને લોકહિતના કામો માટે ઘરેણાં દાનમાં આપી દેવા તેઓ સતત સમજાવતા રહેતા હતા. ટીકાકારો એ આ અંગે ગાંધીજીની આકરી ટીકાઓ પણ કરી હતી પણ ટીકાને તો ગાંધી કયારેય કયાં ગણકારતાં જ હતા!

ગાંધીનાં ઘરેણાં આપવાના અનુરોધના કારણે એક યુવાન વિધવા બહેને બધાં ઘરેણાં તેમને આપી દીધા હતા તો એક બીજી યુવતીએ તો પોતાના ઘરેણાંની ભેટ સ્વીકારવા માટે આવે એ માટે ગાંધી સામે ગાંધીનું જ અનશનનું શસ્ત્ર અજમાવ્યું હતું.

ગાંધીજી સ્વાતંત્ર્યની લડત માટે ઘરેણાનું દાન તો મેળવતા હતા પરંતુ ઘરેણાં આપનાર જે ઘરેણાં આપી દે પછી પાછા બનાવડાવીને પહેરે નહીં એવું વચન પણ દાન કરનાર બહેનો પાસેથી મેળવતા હતા. કારણ, 'ચારિત્ર્ય અને શીલ એ સ્ત્રીઓનું સાચું ઘરેણું છે એમ તેઓ માનતા હતા.'

'બહુરુપી ગાંધી' પુસ્તકમાં લખાયું છે કે - 'એક પ્રખ્યાત નામચીન લૂંટારા તરીકે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જશનામી જડશે નહિ : જૈમલ તારી જોડ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

જેમલ બીજી જોડ
નજરું નાખ્યે નો મળી
સવસાચી સરમોડ,
છોરું તું સોરઠ તણું
કેં જન્મ્યા કેં જનમશે
લેખક લાખ કરોડ,
(પણ) જહનામી જડશે નહિ
જૈમલ તારી જોડ.

કવિ શ્રી દુલા ભાયા કાગ તથા બાપલભાઈ ગઢવીના ઉપરના અર્થસભર શબ્દોમાં જયમલ્લભાઈ પરમારની પ્રતિભાના દર્શન થાય છે. આપણાં સાહિત્યની શોભા વધારીને જનારા અનેક ધન્યનામ સાહિત્યકારો છે. આ બધા સાહિત્યમર્મીઓની યાદી તરફ નજર કરીએ તો એ વાત સ્પષ્ટ થાય છે કે એવા સાહિત્યકારો પ્રમાણમાં ઓછા હોય છે કે જેમના સાહિત્યની લોકપ્રિયતા એક શતાબ્દી કે તેનાથી પણ વધારે સમય સુધી રહે. જયમલ્લભાઈ પરમાર એ આવા એક વિરલ તથા ઉજળા સાહિત્ય સર્જક/ સંપાદક છે કે જેઓ આજે પણ તેમના સર્જનો દ્વારા લોકસાહિત્ય પ્રેમીઓના દિલમાં જીવંત છે. વર્ષ ૨૦૧૧ ના નવેમ્બર માસમાં તેમની જન્મ શતાબ્દીની યાદગાર ઉજવણી કરવામાં આવી. ગુજરાતના અલગ અલગ શહેરોમાં લગભગ ૨૬ કાર્યક્રમો થયા. શરૂઆત જયમલ્લભાઈની કર્મભૂમિ રાજકોટથી કરવામાં આવી. રાજકોટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને પૂજ્ય મોરારીબાપુએ જયમલ્લભાઈનું એક સાહિત્યકાર તરીકે તેમજ એક માનવી તરીકે ઊંચુ મૂલ્યાંકન કર્યું. કોઈ સાહિત્યકારની જન્મ શતાબ્દીના સંદર્ભમાં આટલા કાર્યક્રમો થાય તેવી ઘટનાઓ ઓછી જોવા મળે છે. દરેક કાર્યક્રમમાં વ્યાપક જનસમૂહની હાજરી એ નોંધપાત્ર ઘટના હતી. નવેમ્બર માસમાં જયમલ્લભાઈની જન્મજયંતિ આવે છે તે સમયે તેમની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે.

શ્રી જયમલ્લભાઈ પરમારના જીવનના સમગ્ર ઘટનાક્રમ તરફ નજર નાખીએ તો એ બાબત સ્પષ્ટ થાય છે કે ચૂસ્ત વૈષ્ણવ કુંટુંબમાં વાંકાનેરમાં તેમનો જન્મ. પૂજાપાઠ, કથાકિર્તન, ગાયન-વાદન તેમજ નાટકના સંસ્કાર તેમને ગળથૂથીમાં મળેલાં. ભાંગતી રાતે દેશી વાદ્યોની રમઝટ વચ્ચે પ્રહર પ્રમાણે ગવાતા ભજનોની અમીટ છાપ બાળક જયમલ્લ પર પડી અને તેનો કેફ તેમણે જીવનભર ઘૂંટ્યો. તરણેતર અને જડેશ્વરના મેળામાં ગવાતા લોકગીતો-દુહાની નિર્દોષ રમઝટ ક્રમે ક્રમે તેમાં ભળી અને આ વિષય તરફનું તેમનું આકર્ષણ નિરંતર વધતું ગયું. સતત ભ્રમણશિલ જીવન તથા અભ્યાસુ સ્વભાવ તેમની પ્રકૃતિના એક અભિન્ન અંગ સમાન હતા. મેઘાણીભાઈના સંસર્ગથી તેમાં નૂતન વિચારોનું સિંચન થયું. જેણે જયમલ્લભાઈના જીવન કાર્યને લોકસાહિત્યના સંવર્ધન માટેની એક નવી દિશા આપી. લોકસાહિત્યના વિવિધ પાસાઓનો અભ્યાસ કરી, તેનો સંગ્રહ કરી લોકો સમક્ષ તેમણે નવરંગ થાળ રજૂ કર્યો. પ્રકૃતિના વિવિધ સ્વરૂપો, સરિતાઓ, પાળિયાઓ, ડુંગરધારો, વાવ-કૂવાઓ, ટૂચકાઓ, ઉખાણાઓ, લોકવાદ્યો, પહેરવેશ, ભરતગૂંથણ, લગ્નગીતો, મરસીયા, ખારવાના ગીતો જેવા અનેક વિષયોને આવરી લઈને આ તળના સાહિત્યને ફૂલછાબ તથા ઊર્મિ નવરચનાની પાંખે, એકનિષ્ઠાથી લોક દરબારમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય જયમલ્લભાઈએ કર્યું. પ્રથમ ''સૌરાષ્ટ્ર'' અને ત્યારબાદ ''ફૂલછાબ'' ના માધ્યમથી આ કાર્ય સંગીન ધોરણે થયું. મેઘાણીભાઈના આ કાર્યની આકરી તપશ્ચર્યામાં તેમણે અર્થસભર પુરવણી કરી. કેટલીક જગાએ તો ખૂટતી કડીઓ પણ મેળવી આપી. લગભગ અઢી દાયકા સુધી ઊર્મિ નવરચનાની ધૂણી ધખાવીને તેમણે ઘણાંને લખતાં કર્યા અને સ્થાયી સ્વરૂપે દસ્તાવેજીકરણ પણ થયું. શ્રી બ. ક. ઠાકોરે વર્ષો પહેલાં લોકવાણીને ચિત્તવેધક તથા હેરત પમાડે તેવી સચોટ ગણાવી હતી અને આપણી ભાવિ પેઢીઓ તેનાથી વંચિત ન રહે તેવી અંતરના ઉમળકાથી આશિષ પાઠવી હતી. આથીજ બ. ક. ઠાકોર જેવા દિગ્ગજ સાહિત્યકારની ઈચ્છાપૂર્તિ મેઘાણીભાઈ, દુલેરાય કારાણી, ગોકળદાસ રાયચુરા અને જયમલ્લભાઈ જેવા પુણ્યશ્લોક આત્માઓએ કરી હતી. લોકગીતોમાં ગૂંથાયેલું લોકજીવન સદાયે ધબકતું અને પ્રાણવાન છે અને તેમાં નૈસર્ગિક સૌંદર્યનો અનેરો ભાવ ઝીલાયો છે તેની સાંગોપાંગ પ્રતિતિ જયમલ્લભાઈના લખાણો જોતાં થાય છે.

કવિ શ્રી કાગે કહ્યું હતું કે મેધાણીભાઈએ સૌરાષ્ટ્રની રસધાર લખી પરંતુ જયમલ્લભાઈએ તો સૌરાષ્ટ્રનો રસધોધ વહાવ્યો છે. તેમના વ્યક્તિત્વની ખરી ખૂબી એ છે કે તેઓ લોકસાહિત્યના પૂર્ણ અર્થમાં મર્મિ છે અને તેની કોઈ નબળી બાબતો જણાય તો તેને પણ તેઓ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. કેટલીક વખત લોકસાહિત્યના નામે કોઈ વિકૃત રજૂઆતો થતી હોય તો સ્પષ્ટ શબ્દોમાં પોતાની નારાજગી વ્યક્ત કરે છે. ચોકસાઈ, પ્રમાણપ્રિયતા, તર્કબધ્ધતા તથા અનાગ્રહિતાના આધારે તેમણે સંશોધનનું કામ દિપાવ્યું છે. જયમલ્લ પરમાર ખરા અર્થમાં લોકસાહિત્યના ધૂળધોયા હતા.

જયમલ્લભાઈએ નશાબંધીની પ્રવૃત્તિમાં પણ મોટું યોગદાન આપ્યું. નશાબંધી મંડળનું કામ માનવીમાં પરિવર્તનથી થશે તેવી શ્રધ્ધાથી કરવાનું કામ ગણીને તેઓ આ કાર્યમાં જોડાયા. માત્ર કાયદાથી આમૂલ પરિવર્તન શક્ય નથી. વિકૃત્તિઓનાં વમળ વચ્ચેથી માણસને શોધી કાઢવાની ધીરજ જોઈએ. આવા માનવીય કાર્યમાં જયમલ્લભાઈ સાથે કવિ શ્રી કાગનું પણ અમૂલ્ય યોગદાન રહેલું છે. ઊર્મિ નવરચનાના સિંહ તથા અશ્વ વિશેષાંકોની વાતો પણ હેરત પમાડે તેવી છે. 'ગગનને ગોખે' માં ખગોળશાસ્ત્રનો પરિચય કરાવ્યો. 'આપણે આંગણે ઉડનારા' પક્ષી વિષયક માહિતી લોકગીતોની કડીઓ સાથે સમાજ સમક્ષ રજૂ કરી. શ્રી પલાણ સાહેબ લખે છે તેમ મેઘાણીભાઈને જયમલ્લ પરમાર - નિરંજન વર્મા જેવા થનગનતા વછેરા જોતાતાં અને નિરંજન - જયમલ્લને ધગધગતો સર્જક ખપતો હતો. આ રીતે આ લોકોનું મિલન એ એક સુખદ સુયોગ હતો.

પોતાના વાણી, વર્તન, વિચાર કે લેખન દ્વારા પ્રજાજીવનના સ્વાસ્થ્યને વિપરીત અસર ન થાય તેની સતત કાળજી જયમલ્લભાઈએ આજીવન રાખી. ઉર્મિ નવરચનાના અંકો લોકસાહિત્યના સંદર્ભ ઉપરાંત સાહિત્યીક પત્રકારત્વના સંદર્ભે પણ ઘણાં મહત્વના ગણી શકાય. જયમલ્લભાઈએ આજીવન ધૂણી ધખાવીને જે સાહિત્ય સાધના કરી છે તે અહોભાવ જન્માવે તેવી બાબત છે. વસુબેન ભટ્ટ તેમને 'સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક એલચી' કહેતા તે ખૂબજ યર્થાથ છે. કુન્દનિકા કાપડિયા જયમલ્લભાઈને '' નિર્ભીક તથા સૌંદર્યાનુરાગી '' કલમના સર્જક ગણાવે છે. કવિ શ્રી નારણદાનજી બાલિયાએ પોતાના સુંદર શબ્દોમાં જયમલ્લભાઈને ભાવાંજલિ આપી છે.

જયમલ્લ પામી જગતમાં
આદરમાન અભૂત
કીર્તિ કરી ગયો કાયમી
શારદ કેરો સપૂત.

# 'હિન્દી વ્યુત્પત્તિ કોશ'ના નિર્માણકાર્ય માટે ડૉ. કનૈયાલાલ ભટ્ટની નિયુક્તિ



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● મહર્ષિ શ્રી અરવિંદ રચિત વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય 'સાવિત્રી' આધારીત જ્ઞાનયજ્ઞ...

મહર્ષિ અરવિંદ રચિત વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય 'સાવિતી' આધારીત ૪૨૫મા સાવિત્રી જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૫-૧૨-૨૦૧૬ થી તા. ૧૨-૧૨-૨૦૧૬ દરમિયાન સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન, અરવિંદ કેન્દ્ર સે-૨૩ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં મહર્ષિ અરવિંત અને પૂ. માતાજીના સાધક તથા 'સાવિત્રી મહાકાવ્યના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. અશ્વિનભાઈ કાપડીયા જ્ઞાનયજ્ઞના વક્તા તરીકે વકતવ્ય આપશે. આ પ્રસંગે મહર્ષિ અરવિંદ અને શ્રી માતાજીના સાહિત્યનું ૨૦% ડિસ્કાઉન્ટથી વેચાણ કરવામાં આવશે.'

● ગુજરાતના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા તથા પત્રકારત્વક્ષેત્રે સંકળાયેલ 'અજાજ મીડિયા ટ્રસ્ટ' દ્વારા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણદિન ૬ઠ્ઠી ડિસે.૨૦૧૬ નિમિત્તે 'વંચિતો માટેનું પત્રકારત્વ' એ વિષય પરનો સેમિનાર તા. ૬-૧૨-૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે, અમદાવાદ ખાતે - અહિંસા ભવન, સભાગૃહ, ગેસ્ટ હાઉસની સામે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાશે, જેનું ઉદ્‌ઘાટન 'લક્ષ્ય' સંસ્થાના અધ્યક્ષ અને આઈએએસ - એમ.બી. પરમાર કરશે તથા જાણીતા પત્રકાર ચંદુ મહેરિયા અને 'આદિલોક' માસિકના તંત્રી આનંદ વસાવા 'વંચિતો માટેનું પત્રકારત્વ' આધારિત વકતવ્યો આપશે, જેમાં નટુભઈ પરમાર, નિવૃત્ત સં. માહિતી નિયામક - પત્રકાર, મૂળચંદ રાણા, પૂર્વ સભ્ય - ગુજરાત જાહેર સેવા આયોગ અને ભરત દેવમણિ, સાહિત્યકાર ઉપસ્થિત રહેશે.

'દલિત સાહિત્ય વિમર્શ મંચ' ના ઉપક્રમે તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ સાંજના ૫.૦૦ વાગે, ડૉ. આંબેડકર ભવન, સે-૧૨ ખાતે, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવિણ ગઢવીના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા કાવ્યસંગ્રહ 'ન સાંભળે કોઈ' ઉપરનું કવિ સાહિલ પરમારનું વકતવ્ય યોજાઈ ગયું. વકતવ્યમાં સાહિપ પરમારે, કવિ પ્રવિણ ગઢવીનાં લખેલ કવિતાનાં ૧૦ પુસ્તકો, ટૂંકી વાર્તાનાં - ૫ પુસ્તકો, વિવેચનનાં ૩ પુસ્તકો, સંપાદન અને પ્રકાયનાં ૩ પુસ્તકોની માહિતી આપતાં જણાવ્યું, કે કવિ પ્રવીણ ગઢવી અદલિત હોવા છતાં, દલિતો, વંચિતો, તિરસ્કૃતોની વેદનાને વાચા આપી, બાબાસાહેબની માનવતાવાદી મહાન વિચારધારાને, સાહિત્યિક ચળવળથી આગળ ધપાવીને ખરા અર્થમાં પીડિતોના હામી બની રહ્યા છે. સાહિલ પરમારે ગઢવીના કાવ્યસંગ્રહમાં સમાવિષ્ઠ રચનાઓમાં બાવીશ જેટલી રચનાઓ ઈતિહાસ અને રાજકારણના વિવિધ પાસાં પર પ્રકાશ ફેંકે છે તેમ કહેતાં, વકતવ્યમાં કવિની કવિતા 'દેવદૂત'માં તર્ક એ કવિનો આદર્શ છે તેનું નિરુપણ કર્યું છે. બાળક જન્મે ત્યારે હોય છે દેવદૂત.

તેને નથી હોતાં નાત-જાત-ધરમ. પરંતુ સમાજની હાલની વાસ્તવિકતા પર નજર કરતાં જણાય છે કે વર્ણાશ્રમ આધારિત અને ધર્મપ્રેરિત જ્ઞાતિઓમાં દરેકનાં ગોત્ર-કુળ-જાતિ પહેલેથી જ નિશ્ચિત હોય છે. કવિની રચનાઓમાં વાણી - વ્યવસાયની સ્વતંત્રતા, તાનાશાહીથી થતી બરબાદી, ઈતિહાસની વરવી વાસ્તવિકતાઓ નવેસરથી ફેણ માંડે છે. ભ્રષ્ટાચારીઓના ભ્રષ્ટાચાર, રેશનલિઝમ, નારીની થયેલી ભૂંડી દશા, ગાંધીજીની મહાનતા, વર્ણવ્યવસ્થાને કારણે સડી રહેલો દેશ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

●●●

કર્મશીલ સારસ્વત જોસેફ મેકવાનની સ્મૃતિમાં રચાયેલ ફાઉન્ડેશન દ્વારા, સમાજ ચેતના અને સાહિત્યક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન માટે બે પારિતિકો 'નયા માર્ગ' ના તંત્રી અને સંનિષ્ઠ જાગ્રત પત્રકાર અને સમાજ સુધારક ઈન્દુકુમાર જાનીને આપવામાં આવ્યો જયારે જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર અગ્રણી વાર્તાકાર, નવલકથાકાર અને દિલ્હી અકાદમી એવોર્ડ વિજેતા ડૉ. મોહન પરમારને એનાયત કરાયો હતો. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને વિદ્યાનગર ખાતે તા. ૯-૧૦-૨૦૧૬ના રોજ યોજાયેલ સમારોહમાં રઘુવીર ચૌધરીએ જોસેફ મેકવાન સાહિત્ય, પુરસ્કાર, સ્મૃતિચિહ્ન, શાલ અને રૂા. ૨૫,૦૦૦/- નો ચેક ડૉ. મોહન પરમારને અર્પણ કર્યો હતો. જયારે જોસેફ મેકવાનનાં ધર્મપત્ની રેગીના બહેને કર્મશીલ ઈન્દુકુમાર જાનીને જોસેફ મેકવાન કર્મશીલ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન, શાલ અને રૂા. ૨૫,૦૦૦/- નો ચેક અર્પણ કર્યો હતો. સાહિત્ય પુરસ્કારનું વાંચન હરેશ મકવાણાએ કર્યું હતું. આ સમારોહનું સુંદર સંચાલમ ડૉ. ધીરજ પરમારે કર્યું હતું. જયારે આભારવિધિ અમિતાભ જોસેફ મેકવાને કરી હતી. ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક ડૉ. સુદર્શન આયંગર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ભગીરથ બ્રહ્મભટ્ટ, ડંકેશ ઓઝા, કિશોર મારવાડી, હરેશ મકવાણા, ડૉ. ધીરજ પરમાર, ઈ.પી. દેસાઈ વિગેરેએ મેકવાનની સર્જકતા તથા જીવનલક્ષી સમભાવી દર્શન વિશે વકતવ્યો આપ્યા હતા.

● ગાંધીનગર શહેરના સાહિત્ય સર્જક અને ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય ડૉ. કનૈયાલાલ ભટ્ટને 'હિંદી વ્યુત્પત્તિ કોશ' ના નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્તિ કરતાં, તેમની સાહિત્ય અને રાષ્ટ્રીય સિદ્ધિમાં એક નવું છોગું ઉમેરાયું છે. ભારતમાં પ્રથમવાર 'હિન્દી વ્યુત્પત્તિ કોશ' નું નિર્માણકાર્ય નિર્દેશાલય દ્વારા થઈ રહ્યું છે. તેમાં વિશેષજ્ઞ તરીકે ડૉ. કનૈયાલાલ ભટ્ટ, હિન્દી અને સંસ્કૃત ભાષાના વરિષ્ઠ ભાષા વૈજ્ઞાનિકો તથા વિદ્વાન કોશકારો નિર્માણ કાર્ય કરશે જે નગર માટે અને ગાંધીનગર સાહિત્યસભા માટે ગૌરવપૂર્ણ વાત છે.

●●●

મોરબી ખાતે યોજાયેલ બોપલના ડૉ. સચિન સરવડા તથા મોરબીના ડૉ. દીપાકા વિઠલાપરાના લગ્ન સમારંભમાં એક નવો ચિલો ચાતરીને, નવવધૂ - લેખિકા, ડૉ. દીપાકા સરવડા લિખિત પાંચ પુસ્તકો, (૧) કવિતાની વિકાસયાત્રમાં આધુનિક સંસ્કૃત કવિઓ, કૃતિઓ અને કાવ્ય જગત (૨) અર્વાચીન સંસ્કૃતિ કવિ, ડૉ. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્રનું જીવન કવન (૩) ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્રના રુપકોમાં સામાજિક વાસ્તવ (૪) વૈશ્વિક ચેતનાના કવિ ડૉ. હર્ષદેવ માધવ (૫) ડૉ. અભિરાજ રાજેશ મિશ્રની કાવ્યક્ષેત્રે સિદ્ધિઓનું વિમોચન - ડૉ. દીપિકાના માતા-પિતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડીયા અને અન્ય મહાનુભાવો હસ્તે કરવામાં આવ્યું હતું.

- muljibhaidadhi@gmail.com